# ગુજરાતી અપેક્ષિત : ધોરણ 10

# સપ્લિમેન્ટ

**[30% હેતુલક્ષી તથા 70% વર્ણનાત્મક પ્રશ્નો આધારિત]**

## પ્રશ્નપત્રનું પરિરૂપ

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ / ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

- **હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન / વિશ્લેષણ | અનુમાન / મૂલ્યાંકન | |
| ગુણ | 29 | 16 | 10 | 04 | 21 | **80** |
| ટકા | 36 | 20 | 13 | 05 | 26 | **100** |

- **પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (OQ) | 24 | 24 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 16 | 16 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA) | 06 | 08 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 09 | 24 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 08 |
| | કુલ | **56** | **80** |

- **વિભાગ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | વિભાગનું નામ | ગુણ |
|---|---|---|
| 1. | વિભાગ A : ગદ્યવિભાગ | 20 |
| 2. | વિભાગ B : પદ્યવિભાગ | 20 |
| 3. | વિભાગ C : વ્યાકરણવિભાગ | 20 |
| 4. | વિભાગ D : અર્થગ્રહણ / લેખનસજ્જતા | 20 |
| | કુલ ગુણ | **80** |

## <u>પ્રશ્નપત્રનું માળખું</u>

### વિભાગ A : ગદ્યવિભાગ [20 ગુણ]

ગુણ

(અ) આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (પ્રશ્ન 1થી 4)
કૃતિ-કર્તા / કૃતિ-સાહિત્યપ્રકાર / પાત્ર-કૃતિ / પાત્ર-ઉક્તિ –
આ ચાર પૈકી ગમે તે એક જોડકું પૂછવું. [પ્રત્યેકનો 1 ગુણ] 04

(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
(પ્રશ્ન 5થી 8)
ચાર ખાલી જગ્યાઓ પૂછવી. (કૌંસમાં વિકલ્પ આપવા) [પ્રત્યેકનો 1 ગુણ] 04

(ક) આપેલ પ્રશ્નોના *એક* વાક્યમાં ઉત્તર લખો. (બે પ્રશ્ન પૂછવા)
(પ્રશ્ન 9 અને 10) [પ્રત્યેકનો 1 ગુણ] 02

(ડ) આપેલ પ્રશ્નોના *ત્રણ-ચાર* વાક્યોમાં ઉત્તર લખો. (પ્રશ્ન 11થી 13)
(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈ પણ બેના ઉત્તર લખવા.) [પ્રત્યેકના 2 ગુણ] 04

(ઇ) આપેલ પ્રશ્નોના *આઠ-દસ* વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (પ્રશ્ન 14થી 16)
(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈ પણ બેના ઉત્તર લખવા.) [પ્રત્યેકના 3 ગુણ] 06

### વિભાગ B : પદ્યવિભાગ [20 ગુણ]

(અ) આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (પ્રશ્ન 17થી 20)
કૃતિ-કર્તા / કૃતિ-સાહિત્યપ્રકાર – આ બે પૈકી ગમે તે એક જોડકું પૂછવું.
[પ્રત્યેકનો 1 ગુણ] 04

(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
(પ્રશ્ન 21થી 24)
ચાર ખાલી જગ્યાઓ પૂછવી. (કૌંસમાં વિકલ્પ આપવા) [પ્રત્યેકનો 1 ગુણ] 04

( ક ) આપેલ પ્રશ્નોના *એક* વાક્યમાં ઉત્તર લખો. (બે પ્રશ્ન પૂછવા)
(પ્રશ્ન 25 અને 26) [પ્રત્યેકનો 1 ગુણ] 02

( ડ ) આપેલ પ્રશ્નોના *ત્રણ-ચાર* વાક્યોમાં ઉત્તર લખો. (પ્રશ્ન 27થી 29)
(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈ પણ બેના ઉત્તર લખવા.) [પ્રત્યેકના 2 ગુણ] 04

( ઇ ) આપેલ પ્રશ્નોના *આઠ-દસ* વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (પ્રશ્ન 30થી 32)
(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈ પણ બેના ઉત્તર લખવા.) [પ્રત્યેકના 3 ગુણ] 06

## વિભાગ C : વ્યાકરણવિભાગ [20 ગુણ]

- માગ્યા પ્રમાણે વ્યાકરણના પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રશ્ન 33થી 52)
[પ્રત્યેકનો 1 ગુણ] 20

(**નોંધ :** વ્યાકરણવિભાગના પ્રશ્નો પૈકી પ્રશ્ન 33થી 40 સુધીના કુલ 08 પ્રશ્નો વિકલ્પો સાથે હેતુલક્ષી પ્રકારના પૂછવાના રહેશે.)

**વ્યાકરણના મુદ્દા :** ( 1 ) જોડણી ( 2 ) સંધિ ( 3 ) સમાસ ( 4 ) જોડણીભેદે અર્થભેદ ( 5 ) અલંકાર ઓળખાવો ( 6 ) પૂર્વ-પ્રત્યય અને પર-પ્રત્યય ( 7 ) સમાનાર્થી શબ્દો ( 8 ) સંજ્ઞાના પ્રકાર ( 9 ) રૂઢિપ્રયોગનો અર્થ (10) કહેવતનો અર્થ (11) શબ્દસમૂહ માટે એક શબ્દ (12) વિરુદ્ધાર્થી શબ્દો (13) કર્તરિ અને કર્મણિ વાક્યરચના (14) તળપદા શબ્દોનું શિષ્ટ રૂપ (15) વિશેષણના પ્રકાર (16) ક્રિયાવિશેષણના પ્રકાર (17) ધ્વનિશ્રેણી (18) પ્રેરક અને ભાવે વાક્યરચના (19) છંદ ઓળખાવો (20) છંદનું ઉદાહરણ / બંધારણ

## વિભાગ D : અર્થગ્રહણ / લેખનસજ્જતા [20 ગુણ]

(અ) આપેલ પંક્તિઓનો અર્થવિસ્તાર (પ્રશ્ન 53) (બેમાંથી કોઈ પણ એક)
(આશરે પંદર વાક્યોમાં લખો) 04

( બ ) આપેલા વિષય પર આશરે એકસો શબ્દોમાં અહેવાલ લખો. (પ્રશ્ન 54) 04

( ક ) આપેલ ગદ્યખંડનો *ત્રીજા* ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.
(પ્રશ્ન 55) 04

( ડ ) આપેલા મુદ્દા પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.
(ત્રણમાંથી કોઈ પણ એક નિબંધ) (પ્રશ્ન 56) 08

**કુલ ગુણ : 80**

# આદર્શ પ્રશ્નપત્ર
## [ માર્ચ, 2022ની બોર્ડ-પરીક્ષા માટે ]

**સમય : 3 કલાક]** **[કુલ ગુણ : 80**

---

**સૂચનાઓ :** ( 1 ) પ્રશ્નપત્રમાં કુલ **1**થી **56** પ્રશ્નો છે.

( 2 ) પ્રશ્નપત્રમાં ચાર વિભાગ (A, B, C અને D) છે. દરેક વિભાગના **20** ગુણ છે.

( 3 ) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

( 4 ) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના ઉત્તર ક્રમમાં લખવા.

## વિભાગ A

**( અ ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :** **4**

| પાત્ર | કૃતિ |
|---|---|
| **1.** જગદીશભાઈ | (અ) રેસનો ઘોડો |
| **2.** ભીખલો | (બ) જન્મોત્સવ |
| **3.** યશ | ( ક ) ચોપડાની ઇન્દ્રજાળ |
| **4.** જયાવતી શેઠાણી | ( ડ ) ડાંગવનો અને ... |
| | ( ઇ ) ગતિભંગ |

**( બ ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :** **4**

**5.** નીનાબહેને તેમના પતિ ……… પાસે ભેટમાં અંકિતનું શૈશવ માગ્યું. *(સંજય, સૌરભ, વિનુભાઈ)*

**6.** ………થી તાણમાં ઘટાડો થાય છે. *(ભજનાનંદ, નિજાનંદ, પરમાનંદ)*

**7.** મળેલા જ્ઞાનને ………માં મૂકવાનું એટલું સહેલું નથી. *(વિવરણ, આચરણ, આચમન)*

**8.** ‘જન્મોત્સવ’ નવલિકામાં મુખિયાજીએ ……… પહેર્યું હતું. *(ધોતિયું, શણિયું, પંચિયું)*

**( ક ) નીચે આપેલા પ્રશ્નોના *એક* વાક્યમાં ઉત્તર લખો :** **2**

**9.** અંકિતનો ચહેરો કેમ નિમાણો લાગતો હતો?

**10.** લેખકે શાહુકારી ચોપડાનાં પાનાં ચીરીને જીવલાને શું કહ્યું?

**( ડ ) નીચે આપેલા પ્રશ્નોના *ત્રણ-ચાર* વાક્યોમાં ઉત્તર લખો : (કોઈ પણ *બે*)** **4**

**11.** ‘ડાંગવનો અને ...’ પાઠના લેખકની મુસાફરી કઈ રીતે યાત્રા બની રહેતી?

**12.** ‘બાવાનાં બેય બગડ્યાં’ એમ કાળુ શા માટે કહે છે?

**13.** આંબા પટેલને મણાર શા માટે જવું પડ્યું?

**( ઈ ) નીચેના પ્રશ્નોના *દસ-બાર* વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો : (કોઈ પણ *બે*) 6**

**14.** ‘ભૂલી ગયા પછી’ એકાંકીનું રહસ્ય સ્પષ્ટ કરો.

**15.** નવજાત બાળકની કરુણતા તમારા શબ્દોમાં આલેખો.

**16.** છત્રી ન ખોવાય એ માટે લેખકને કેવી કેવી સલાહો મળી હતી?

## વિભાગ B

**( અ ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : 4**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| **17.** શીલવંત સાધુને | (અ) ગઝલ |
| **18.** શિકારીને | (બ) સૉનેટ |
| **19.** દિવસો જુદાઈના જાય છે | ( ક ) દુહો |
| **20.** કુલદીપક થાવું કઠિન … | ( ડ ) પદ |
| | ( ઈ ) ભજન |

**( બ ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : 4**

**21.** કવિએ વૈષ્ણવજનના ‘ચારિત્ર્ય’ માટે ……… શબ્દ વાપર્યો છે.
*(વાચ, કાછ, વૈરાગ્ય)*

**22.** કવિની દૃષ્ટિએ સૌંદર્યો વેડફી દેતાં ……… મળતી નથી.
*(માનવતા, સુંદરતા, પવિત્રતા)*

**23.** ‘ચાંદલિયો’ લોકગીતમાં કાવ્યનાયિકાએ જેઠને ………ની ઉપમા આપી છે.
*(મેઘ, વીર, ચંદ્ર)*

**24.** ……… બનવું દુર્લભ છે. *(કુલદીપક, દેશદીપક, વીર)*

**( ક ) નીચે આપેલા પ્રશ્નોના *એક* વાક્યમાં ઉત્તર લખો : 2**

**25.** ‘સૉનેટ’માં કેટલી પંક્તિઓ હોય છે?

**26.** ‘વતનથી વિદાય થતાં’ કાવ્યમાં કાવ્યનાયક સ્વયંને આંસુ લૂછી લેવાનું કેમ કહે છે?

**( ડ ) નીચે આપેલા પ્રશ્નોના *ત્રણ-ચાર* વાક્યોમાં ઉત્તર લખો : (કોઈ પણ *બે*) 4**

**27.** કવિ વૈષ્ણવજનનાં દર્શનને પવિત્ર શા માટે ગણે છે?

**28.** વાંસળીના સૂર કોને કોને શો પ્રશ્ન પૂછે છે? શા માટે?

**29.** નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો :

“સ્વર્ગની એકએક દેવીની ઝલકમાં દીકરી
છે સુખ-ચંદન ને કુમકુમના તિલકમાં દીકરી.”

**( ઈ ) નીચેના પ્રશ્નોના *દસ-બાર* વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો : (કોઈ પણ *બે*) 6**

**30.** ‘હું એવો ગુજરાતી’ કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં કયાં કારણોસર અનુભવે છે?

**31.** વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

**32.** સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ ‘ચાંદલિયો’ લોકગીતના આધારે વર્ણવો.

## વિભાગ C

**માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**

- **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :**

**33.** નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો : **1**

( 1 ) જીંદગી (જિંદગી, જીન્દગી, જિન્દગી)

( 2 ) શારિરીક (શારીરિક, શારિરિક, શારીરીક)

**34.** ‘વિ + સાદ’ શબ્દની સાચી સંધિ જોડો : **1**

(વિષાદ, વીષાદ, વિંસાદ)

**35.** ‘ઋણમુક્ત’ શબ્દનો સમાસ ઓળખાવો : **1**

(મધ્યમપદલોપી, કર્મધારય, તત્પુરુષ)

**36.** **યોગ્ય જોડકાં જોડો :** **1**

| ‘અ’ | ‘બ’ |
|---|---|
| ( 1 ) કર્તરિરચના | ( 1 ) કૃષ્ણ ભગવાનને માથે નાગની છાયા કરાઈ. |
| ( 2 ) કર્મણિરચના | ( 2 ) જશોદા મૈયાને કૃષ્ણકુંવરને શણગાર્યા. |
| | ( 3 ) માણેક કણસે છે. |

**37.** લળી લળીને હેત કરતાં વાંસનાં ઝુંડનાં ઝુંડ – વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. **1**

(સજીવારોપણ, રૂપક, ઉપમા)

**38.** ‘સરસ’ શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે, તે જણાવો : **1**

(પૂર્વ-પ્રત્યય, પર-પ્રત્યય, એક પણ પ્રત્યય નહિ)

**39.** નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો : **1**

( 1 ) ઈતર (ઈયળ, બીજું, દૂર)

( 2 ) કતાર (આમલી, હાર, મેળો)

**40.** નીચેની સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ લખો : **1**
સુંદરતા (સમૂહવાચક, ભાવવાચક, જાતિવાચક)

- **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**

**41.** નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો : **1**
મનનો ભાર હળવો કરવો

**42.** નીચે આપેલ કહેવતનો અર્થ લખો : **1**
આંધળે બહેરું કુટાવું

**43.** નીચેના શબ્દસમૂહ માટે *એક* શબ્દ લખો : **1**
ઘેટાં-બકરાંનો વાડો

**44.** નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **1**
અપરાધ

**45.** બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **1**
શરત / સરત

**46.** નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો : **1**
જાયો

**47.** નીચેના વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો : **1**
આઠે પો'ર મન મસ્ત રેવે, ...

**48.** નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો : **1**
એની ઉંમરનાં છોકરાં સાથે જરા ભળવા તો દ્યો.

**49.** 'વ્યક્તિ' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. **1**

**50.** નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો : **1**
દેવશંકર માસ્તર થંભી ગયા.

**51.** નીચેની પંક્તિનો છંદ ઓળખાવો : **1**
અમારા એ દાદા, વિપુલ વડના ઝુંડ સરખા.

**52.** 'મંદાક્રાન્તા' છંદનું બંધારણ જણાવો. **1**

## વિભાગ D

**53. નીચે આપેલી પંક્તિઓનો આશરે *પંદર* વાક્યોમાં અર્થવિસ્તાર કરો : (ગમે તે *એક*)** **4**

(1) શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી,
ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ સનાતન.

(2) મને મળી નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.

**54.** તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. **4**

**55. નીચે આપેલા ગદ્યખંડનો આશરે *ત્રીજા* ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો : 4**

શિસ્તના બે પ્રકાર છે : સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત. ‘સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ’ એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે; પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પળાવવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી-વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો અમેરિકા અને ઇંગ્લૅન્ડની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલકતનું નુકસાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તનાં જ પરિણામ છે. શિસ્તને સદ્‌વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે.

**56. ગમે તે *એક* વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : (ગમે તે *એક*) 8**

(1) ધરતીનો છેડો ઘર

***મુદ્દા :*** *પ્રસ્તાવના – ઘર એક આશ્રયસ્થાન – ઘર કોને ન કહેવાય? – ‘ધરતીનો છેડો ઘર’ એ ઉક્તિનું રહસ્ય – ઉપસંહાર*

(2) વર્ષાઋતુ

***મુદ્દા :*** *પ્રસ્તાવના – વર્ષાનું સ્વાગત – અષાઢ મહિનામાં મેઘરાજાની સવારી – શ્રાવણ મહિનામાં મેઘરાજાની ઝરમર – વાતાવરણ રમણીય અને કમનીય – ઉપસંહાર.*

(3) વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો

***મુદ્દા :*** *વૃક્ષોની ઉપયોગિતા – પ્રદૂષણના પ્રશ્નો – પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ – ઉપસંહાર*